➢ માર્કીંગ સીસ્ટમ :-

**એકલવ્ય સિનિયર / જુનિયર એવોર્ડ - કેટેગરી-ખ (B)**

ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ એકલવ્ય સિનિયર તથા જૂનિયર એવોર્ડ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ, દ્વિતિય કે તૃતીય સ્થાન સાથે વિજેતા થનાર ખેલાડી આ એવોર્ડ પ્રાપ્ત કરવાને પાત્ર થાય છે. ગુજરાત સરકારમાન્ય વ્યક્તિગત કે સાંધિક રમતની સિદ્ધિઓને ખેલાડી દ્વારા સ્વમૂલ્યાંકન પદ્ધતિથી તથા પસંદગી સમિતિના અભિપ્રાય દ્વારા નીચે જણાવેલ પરિશિષ્ટ મુજબ માર્કિંગ સિસ્ટમ બનાવવામાં આવેલ છે. (પરિશિષ્ટ-બી-૧)

**સરદાર પટેલ સિનિયર / જુનિયર એવોર્ડ- કેટેગરી-ખ (B)**

સરદાર પટેલ સિનિયર તથા જૂનિયર એવોર્ડ માર્કિંગ સિસ્ટમમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ ગુજરાતના કોઇપણ સિનિયર કે જૂનિયર વિભાગના વ્યક્તિગત કે સાંધિક રમતમાં પ્રથમ, દ્વિતિય કે તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ હોય તેવા ખેલાડીને સ્વમૂલ્યાંકન પદ્ધતિ દ્વારા તથા સિલેકશન કમિટીના અભિપ્રાય દ્વારા નીચે જણાવેલ વિવિધ પરિશિષ્ટ મુજબ માર્કિંગ સિસ્ટમ બનાવવામાં આવેલ છે. (પરિશિષ્ટ-બી-૨)

**જયદિપસિંહજી સિનિયર/જુનિયર એવોર્ડ- કેટેગરી-ખ (B)**

ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ કોઇ ખેલાડી ભાઇ-બહેન રાજયકક્ષાની તેમજ રાષ્ટ્રકક્ષા વયજૂથ મુજબની અથવા ખુલ્લા વિભાગની સ્પર્ધામાં ભાગ લઇ મેળવેલ સિદ્ધિ અનુસાર વયજૂથ મુજબની સિદ્ધિ માટે જયદિપસિંહજી જૂનિયર એવોર્ડ અથવા ખુલ્લા વિભાગની રમતોમાં વિજેતા થનાર ખેલાડીને જયદિપસિંહજી સિનિયર એવોર્ડ આપવા માટે નીચે પ્રમાણે સ્વમૂલ્યાંકન પદ્ધતિ દ્વારા તથા સિલેકશન કમિટીના અભિપ્રાય દ્વારા નીચે જણાવેલ વિવિધ પરિશિષ્ટ મુજબ માર્કિંગ સિસ્ટમ બનાવવામાં આવેલ છે. (પરિશિષ્ટ-બી-૨)

➢ કેટેગરી-ખ (B) માં સમાવિષ્ટ રમતો માટે એવોર્ડ તથા રોકડ પુરસ્કાર અને અન્ય પુરસ્કારની વિગતો

| ક્રમ | એવોર્ડનું નામ | રોકડ પુરસ્કાર | અન્ય પુરસ્કાર |
|---|---|---|---|
| ૧ | એકલવ્ય સિનિયર એવોર્ડ | ૧,૦૦,૦૦૦ /- | મોમેન્ટો, બ્લેઝર,ક્રેસ્ટ, પ્રમાણપત્ર |
| ૨ | સરદાર પટેલ સિનિયર એવોર્ડ | ૫૦,૦૦૦ /- | મોમેન્ટો, બ્લેઝર, ક્રેસ્ટ, પ્રમાણપત્ર |
| ૩ | જયદિપસિંહજી સિનિયર એવોર્ડ | ૨૦,૦૦૦ /- | મોમેન્ટો, બ્લેઝર, ક્રેસ્ટ, પ્રમાણપત્ર |
| ૪ | એકલવ્ય જુનિયર એવોર્ડ | ૫૦,૦૦૦ /- | મોમેન્ટો, બ્લેઝર, ક્રેસ્ટ, પ્રમાણપત્ર |
| ૫ | સરદાર પટેલ જુનિયર એવોર્ડ | ૨૫,૦૦૦ /- | મોમેન્ટો, બ્લેઝર, ક્રેસ્ટ, પ્રમાણપત્ર |
| ૬ | જયદિપસિંહજી જુનિયર એવોર્ડ | ૧૦,૦૦૦ /- | મોમેન્ટો, બ્લેઝર, ક્રેસ્ટ,પ્રમાણપત્ર |